*If you want to fly, We provide wings...*

ICE®

# TRENDING CURRENT

## TOPIC 83

## COVID-19નો સામનો કરવા માટે BRICSનો સહયોગ



ચર્ચામાં શા માટે ?

બેઠક વિશે :

BRICS વિશે :

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

TOPIC-83નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં બ્રિક્સ (BRICS) દેશોના વિદેશ મંત્રીઓની વીડિયો કોન્ફરન્સ બેઠકમાં ભારતના વિદેશ મંત્રીએ COVID-19 દ્વારા ઉભા થયેલા આર્થિક પડકારોનો સામનો કરવા માટે ઉદ્યોગ સાહસિકોને BRICS જૂથ દ્વારા સામૂહિક ટેકો આપવાની જરૂર પર ભાર મૂક્યો હતો.

## બેઠક વિશે :

- BRICS દેશોના વિદેશ મંત્રીઓની આ બેઠક રશિયાના વિદેશ મંત્રી દ્વારા વીડિયો કોન્ફરન્સ દ્વારા ગોઠવવામાં આવી હતી.
- ભારતીય વિદેશ મંત્રીએ કહ્યું હતું કે COVID-19 માત્ર આરોગ્ય ક્ષેત્ર માટે મોટો ખતરો નથી પરંતુ મહામારીના કારણે વેપાર અને સપ્લાય શ્રૃંખલાને અસર કરતી વૈશ્વિક અર્થતંત્રને પણ ભારે નુકસાન થયું છે.
- ભારતના વિદેશ મંત્રીએ COVID-19ને કારણે ઔદ્યોગિક ક્ષેત્રમાં ઉત્પન થયેલા પડકારોનો સામનો કરવા માટે સાહસો અને ખાસ કરીને 'સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME)ની મદદ માટે BRICS દેશને સહાય ઉપલબ્ધ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.
- આ બેઠકમાં BRICS દેશોને COVID-19ને કારણે અર્થતંત્રને થયેલા નુકસાનથી બચાવવા માટે 15 અબજ ડોલરનો રાહત ભંડોળ સ્થાપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- ભારત અને રશિયા સિવાય ચીન, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાના વિદેશ મંત્રીઓએ પણ ભાગ લીધો હતો.
- હાલમાં ચીન આ મહામારીમાંથી લગભગ બહાર આવી ગયું છે પરંતુ BRICS સમુહના અન્ય દેશો ખાસ કરીને ભારત, રશિયા અને બ્રાઝિલના આરોગ્ય અને આર્થિક ક્ષેત્રને ભારે નુકસાન થયું છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- હાલમાં COVID-19 મહામારી વચ્ચે વિશ્વના ઘણાં દેશોમાં સંરક્ષણવાદી વલણમાં વધારો જોવા મળ્યો છે. આમ BRICS દેશો દ્વારા સામૂહિક સહયોગને પ્રોત્સાહન આપવું એ પ્રશંસનીય પહેલ છે.

## BRICS વિશે :

- BRICSએ વિશ્વના પાંચ મોટા વિકાસશીલ દેશોનો એક સમૂહ છે. જેમા...
  B - Brazil
  R - Russia
  I - India
  C - China
  S - South Africa
- જેમાંથી ચાર BRIC દેશો બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીન દ્વારા વર્ષ 2006માં આ સમૂહની સ્થાપના કરવામાં આવી હતી.
- જેમાં વર્ષ 2010માં સાઉથ આફ્રિકા પાછળથી સામેલ થયું હતું આથી તે હવે BRICS તરીકે ઓળખાય છે.
- BRICS દેશોમાં વિશ્વની આશરે 41 ટકા વસ્તીનો સામવેશ થાય છે.
- BRICS દેશો દ્વારા જુલાઈ 2014માં NDB એટલે કે New Development Bank નામથી એક બેન્કની રચના કરવામાં આવી હતી.
- આ બેન્કનું વડું મથક ચીનના શાંઘાઈમાં આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT